# મોડાસાની ક્રિષ્ના હોસ્પિટલમાં શોર્ટ સર્કીટથી બ્લાસ્ટ થતા અફરાતફરી

## દાખલ દર્દીઓ હોસ્પિટલની બહાર દોડી આવ્યા, લોકો ઉમટ્યા

મોડાસા, તા. ૧૦

સમગ્ર રાજ્યમાં હોસ્પિટલમાં આગ લાગવાની ઘટનાઓ સતત બની રહી છે હજુ તો બે દિવસ અગાઉ મહારાષ્ટ્રના ભંડારાની હોસ્પિટલમાં શોર્ટ સર્કિટથી આગ લાગવાની ઘટનાની શાહી સુકાઈ નથી ત્યારે મોડાસા શહેરની મેઘરજ રોડ પર આવેલ ક્રિષ્ના હેલ્થકેર સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલમાં રવિવારે સાંજે ભોંયતળિયે શોર્ટ-સર્કીટ થયા બાદ જબરજસ્ત ધડાકાભેર બ્લાસ્ટ થતા હોસ્પિટલ સહીત આજુબાજુનો વિસ્તાર બ્લાસ્ટથી ધ્રુજી ઉઠ્યો હતો હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા દર્દીઓ અને તેમના પરિવારજનો અને સ્ટાફ હોસ્પિટલની દોડી આવ્યા હતા બ્લાસ્ટના પગલે ભારે અફરાતફરી મચી હતી હોસ્પિટલમાં શોર્ટસર્કીટ થી આગ પ્રસરે તે પહેલા ફાયરબ્રિગેડની ટીમ તાબડતોડ પહોંચી આગ પર કાબુ મેળવ્યો હતો હોસ્પિટલમાંથી ધુમાડાના ગોટેગોટા બહાર નીકળ્યા હતા સદનસીબે જાનહાની ટળતા હોસ્પિટલના સત્તાધીશોએ રાહતનો શ્વાસ લીધો હતો.



મોડાસા શહેરની નામાંકીત મલ્ટી સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ ક્રિષ્ના હેલ્થકેરમાં રવિવારે સાંજના સુમારે ભોંય તળિયે આવેલ સ્ટોરેજ રૂમમાં શોર્ટ સર્કીટ થી આગ લાગવાની સાથે ધડાકાભેર બ્લાસ્ટ થતા હોસ્પિટલ અને આજુબાજુનો વિસ્તાર ધ્રુજી હતો અચાનક બ્લાસ્ટ થતા હોસ્પિટલમાં સારવાર લઈ રહેલ દર્દીઓ અને તેમના પરિવારજનોમાં જીવ બચાવવા ભાગદોડ મચી હતી હોસ્પિટલ સ્ટાફ પણ હોસ્પિટલ છોડી રોડ પર દોડી ગયો હતો ધડાકાભેર બ્લાસ્ટના પગલે આજુબાજુથી મોટી સંખ્યામાં લોકો દોડી આવ્યા હતા દર્દીઓમાં બ્લાસ્ટના પગલે ભયભીત બન્યા હતા.





સદનસીબે હોસ્પિટલના ભોંય તળીયે આગ લાગતા જાનહાની ટળી હતી હોસ્પિટલમાં શોર્ટ સર્કિટના પગલે મોડાસા ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચી આગ હોસ્પિટલમાં પ્રસરે તે પહેલા કાબુ મેળવી લેતા દર્દીઓ અને લોકોએ હાશકારો અનુભવ્યો હતો શોર્ટ સર્કિટથી આગ લાગી હોવાનું બહાર આવતા યુજીવીસીએલની ટીમ પણ પહોંચી હતી હોસ્પિટલમાં બ્લાસ્ટ થતા વીજપ્રવાહ ખોરવાતા થોડો સમય હોસ્પિટલમાં અંધારપટ છવાયો હતો.

### વડોદરાના આજવા રોડ પર રહેતો

## બુટલેગર કમલેશ કીર રીક્ષામાં વિદેશી દારૂ ભરી પસાર થતો હતો

મોડાસા, તા. ૧૦

ગાંધીના ગુજરાતમાં વિદેશી દારૂના રસિયાઓ વાર તહેવારની ઉજવણીના બહાના તળે દારૂ ઢીંચી મદમસ્ત બનતા હોય છે વિદેશી દારૂની ડિમાન્ડ તહેવારોમાં વધી જતા દરવખતે તહેવારો નજીક હોય ત્યારે બુટલેગરો સક્રિય બનતા હોય છે. અને અવનવા પ્રકારે વિદેશી દારૂની હેરાફેરી કરવામાં આવે છે. જોકે પોલીસ પણ ચોક્કસ માહિતીને આધારે દારૂની થતી હેરાફેરી નિષ્ફળ બનાવે છે.અરવલ્લી એલસીબી પોલીસ શામળાજી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ હાથધર્યું હતું ત્યારે રિક્ષામાં દારૂની હેરાફેરી થતી હોવાની બાતમી મળતા એલસીબી પોલીસ સતર્ક બની બાતમી આધારીત રીક્ષાને રાયપુર ત્રણ રસ્તા પર અટકાવી તલાસી લેતા રીક્ષાની ડેકીમાંથી ૫૪ બોટલ વિદેશી દારૂ મળી આવતા રીક્ષા ચાલક બુટલેગર કમલેશ કીરની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.



અરવલ્લી એલસીબી પોલીસે શામળાજી-ભિલોડા હાઈવે પર આવેલ રાયપુર ત્રણ રસ્તા પરથી પાલ્લા ગામ નજીક બાતમીના આધારે ડોડીસરા ગામ બાજુથી આવતી સીએનજી રીક્ષાને અટકાવી તલાસી લેતા રીક્ષાની ડેકીમાંથી વિદેશી દારૂની બોટલ નંગ-૫૪ કીં. રૂ.૩૨૪૪૦/- નો જથ્થો જપ્ત કરી વડોદરાની આજવા રોડ પરની કમલાનગર સોસાયટીમાં રહેતા કમલેશ રતનલાલ કીરની ધરપકડ કરી જેલના સળિયા પાછળ ધકેલી દઈ વિદેશી દારૂ,મોબાઈલ,રીક્ષા મળી કુલ રૂ.૧૩૫૪૦૦/- નો જથ્થો જપ્ત કરી ઝડપાયેલ બુટલગર વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

## ફોર્ચ્યુનરના ચાલકે સ્ટેયરીંગ પરથી કાબુ ગુમાવતા ડિવાઈડર સાથે અથડાઈ : ૧નું મોત

અરવલ્લી જીલ્લામાં ગમખ્વાર અકસ્માતની ઘટનાઓનો સીલસીલો યાથવત જોવા મળી રહ્યો છે હરિયાણા થી મુંબઈ જઈ રહેલ ફોર્ચ્યુનર કારના ચાલકે ધનસુરાના હિંદુપુરા ગામ નજીક વળાંકમાં સ્ટીયરીંગ પરથી કાબુ ગુમાવતા ડિવાઈડર સાથે ભટકાઈ ખાડામાં ખાબકતા ફોર્ચ્યુનરમાં સવાર યુવકનું ઘટનાસ્થળે કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું કારમાં સવાર અન્ય બે લોકોના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર અર્થે મોડાસાની ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા અકસ્માતની ઘટનાના પગલે ધનસુરા પોલીસ ઘટનાસ્થળે દોડી આવી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી



શનિવારે મોડી રાત્રે હરિયાણા પાર્સીંગની ફોર્ચ્યુનર કાર મોડાસા થી ધનસુરા રોડ પર પુરપાટ ઝડપે પસાર થઈ રહી હતી ત્યારે શીકા નજીક હિંદુપુરા ગામના વળાંકમાં ફોર્ચ્યુનરના ચાલકે અગમ્ય કારણોસર સ્ટીયરીંગ પરથી કાબુ ગુમાવતા વળાંકમાં રહેલા ડિવાઈડર સાથે ફોર્ચ્યુનર અથડાઈ પલ્ટી ખાઈ ધડાકાભેર રોડની બાજુમાં ખાડામાં ખાબકતા ફોર્ચ્યુનરમાં સવાર અમીત શર્મા નામના યુવકનું ઘટનાસ્થળે જ પ્રાણ પંખેરું ઉડી ગયું હતું અકસ્માતના પગલે આજુબાજુથી લોકો દોડી આવ્યા હતા અને મૃતક યુવાન અને ફોર્ચ્યુનરમાં સવાર અન્ય બે લોકોના શરીરે ઈજાઓ પહોંચતા સારવાર અર્થે દવાખાને ખસેડાયા હતા અકસ્માતની ઘટનાની જાણ ધનસુરા પોલીસને થતા તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.



**અરવલ્લી ચાઈલ્ડ હેલ્પ લાઈન ૧૦૯૮ દ્વારા શ્રમિક બાળકોને તલ-ચીકીનું વિતરણ**

પરખ સંસ્થા સંચાલિત અરવલ્લી ચાઈલ્ડ હેલ્પ લાઈન ૧૦૯૮ દ્વારા મોડાસા શહેરમાં સ્થળાંતરીત શ્રમિકોના બાળકોને શિયાળાની ઋતુમાં તલ-ચીકીનું વિતરણ કરવામાં આવ્યુ. U.G.V.C.L અરવલ્લી ધ્વારા કિસાન સૂર્યોદય યોજના કાર્યક્રમ હેઠળ બાળકો માટે તાઃ ૦૮/૦૧/૨૦૨૧ ના રોજ તલ-ચીકીનું વિતરણ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.આ કાર્યક્રમ માં ૅ.ૡ.ૠ.ૃ.ન્દ્વારા અરવલ્લી ચાઈલ્ડ હેલ્પ લાઈન ૧૦૯૮ને ૧૦ બોક્સ ચીક્કી આપવામાં આવી. આરવલ્લી ચાઈલ્ડ લાઈન ટીમ દ્વારા મોડાસા શહેરના મેઘરજ ચોકડી,ઓધારી તળાવ, શાસ્ત્રીનગર, ડુગરવાડા બાય-પાસ રોડ ઉપર અન્ય જીલ્લામાંથી આવેલા સ્થળાંતરીત શ્રમિકો જેઓ પોતાના પરિવાર સાથે આ વિસ્તારમાં રહે છે. અત્યારે સ્કૂલો બંધ હોવાથી શ્રમિક પરિવારો બાળકોને સાથે લઈને કામ માટે મોડાસા શહેર ના આ વિસ્તારો માં વસેલા છે અત્યારે ઠંડીની ઋતુમાં અન્ય પરિવાર ના બાળકો તલ ની વસ્તુ નો આનંદ માણે છે અરવલ્લી ચાઈલ્ડ લાઈન ૧૦૯૮ દ્વારા ૅ.ૡ.ૠ.ૃ.ના કિસાન સૂર્યોદય યોજના બાબતે મળેલ તલ-ચીકી નું વિતરણ આ શ્રમિક પરિવારોના બાળકોમા કરવામાં આવ્યું આ શ્રમિકોના કુલ ૧૫૦ બાળકોને તલ-ચીકીનું વિતરણ કરવામાં આવ્યું.

## ચિલોડા ખાતે ગાંધીનગર જિલ્લા ભાજપની બૃહદ કારોબારી બેઠક યોજાઈ

ચિલોડા, તા. ૧૦

એસ.પી. રિસોર્ટ ચિલોડા મુકામે ગાંધીનગર જિલ્લા ભાજપની બૃહદ કારોબારી બેઠક તા. ૯ જાન્યુઆરી-૨૦૨૧ શનિવારના રોજ ૩.૩૦ વાગે પ્રદેશ જિલ્લા ચૂંટણી ઈન્ચાર્જ ડૉ. હર્ષદભાઈ પટેલની ઉપસ્થિતિમાં જિલ્લા પ્રમુખ નૈલેશભાઈ શાહના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. જેમાં અપેક્ષિત ભાજપના કાર્યકર્તા ભાઈ-બહેનોએ હાજરી આપી હતી.

## વડગામ તાલુકાના ભલગામ મા 'મનરેગા' કામમાં ગેરરીતિ અંગે તપાસનો ધમધમાટ

### તપાસ તટસ્થ કરાશે ? કે પછી ભીનું સંકેલાશે

વડગામ, તા. ૧૦

વડગામ તાલુકા ના ભલગામ મા મનરેગા ના કામમાં ભારે ગેરરીતિઓ આચરાઈ હોવાની ફરિયાદ એક અરજદાર દ્વારા કરાતા તપાસનો ધમધમાટ શરૂ થયો હોવાનું જાણવા મળી રહ્યું છે.ત્યારે તાલુકા ભરમાં 'મનરેગા'ના ધમધમી રહેલા કામોમાં ચકચાર મચી ગઈ છે.

વડગામ તાલુકાના ભલગામ મા સરપંચ તથા વડગામ તાલુકા પંચાયતના મનરેગા શાખાના કર્મચારીઓ ની ભાગબટાઈ મા ભારે ગટોળા આચરીને ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો હોવાની રજૂઆત ના પગલે જિલ્લા કક્ષાએથી તપાસનો ધમધમાટ શરૂ કરાયો છે.વડગામ તાલુકા પંચાયત ખાતે શનિવારના રજાના દિવસે તાલુકા પંચાયતની મનરેગા શાખામાં કેટલાક કર્મચારીઓ બેઠેલા જોવા મળ્યા હતા.જેમા એવું જાણવા મળ્યું હતું કે.ભલગામ ગામમાં 'મનરેગા'ના કામો કરાયા છે.જે કામોમાં ખોટા જોબકાર્ડ બનાવાયા હોવાના ગંભીર આક્ષેપ છે.તેમજ મજૂરોની ખોટી હાજરી દર્શાવવા સહીત અનેક રીતે ગેરરીતિઓ ભલગામ સરપંચ તથા મનરેગાના કર્મચારીની બેલડી ભેગી મળીને ભારે ગેરરીતિઓ આચરીને સરકારી નાણાં ઉપાડી લઈને લાખો રૂપિયાનો ભ્રષ્ટ્રાચાર આચરવામાં આવ્યો હોવાની રજૂઆત ના પગલે તાલુકા ભરમાં હડકંપ મચાવ્યો છે.હવે જોવાનું એ રહ્યું કે તાલુકા માં થયેલા મનરેગા ના કામોમાં ભ્રષ્ટ્રાચારની તટસ્થ તપાસ કરીને કસુરવારો સામે કાયદાનો ગાળિયો કસાય છે કે પછી? તપાસ કરતા સરકારી બાબુઓ દ્વારા તપાસના નામે નાટક ભજવીને ગોદડી ગોઠે વાળીને મનરેગા ના શાખાના કર્મચારીને બચાવી લેવાય છે. તે તો આગળનો સમય બતાવશે. પરંતુ અત્યારે તો વડગામ ના ભલગામમા મનરેગા કામોમાં થયેલી ગેરરીતિઓ બાબતે તપાસનો ધમધમાટ શરૂ થયો હોવાની ચર્ચાઓ એ જોર પકડ્યું છે.

**વડગામ તાલુકામાં અગાઉ પણ મનરેગા કામોમાં ભારે ગેરરીતિઓ આચરાઇ હતી અને મામલો ગાંધીનગર લોકાયુક્ત સુધી પહોંચ્યો હતો. હવે જોવાનું રહ્યું આ તપાસનો રેલો કેટલે પહોંચે છે.**



**પ્રાંતિજ ખાતે સર્જન ફાઉન્ડેશન જીવન કૌશલ્ય તાલીમ કેન્દ્ર દ્વારા બ્યુટી પાર્લર સેમીનાર**

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ખાતે આવેલ સર્જન ફાઉન્ડેશન દ્વારા જીવન કૌશલ્ય તાલીમ કેન્દ્ર ખાતે બ્યુટી પાર્લર સેમીનાર યોજાયો હતો. પ્રાંતિજ બજાર ચોક વિસ્તારમાં આવેલ સર્જન ફાઉન્ડેશન દ્વારા જીવન કૌશલ્ય તાલીમ કેન્દ્ર ખાતે બ્યુટી પાર્લર સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં તાલીમ માંથી બહેનોને પોતાના બ્યુટી પાર્લરમાં કઇ રીતે શરૂઆત કરવી તે વિષેનું વિશેષ માર્ગદર્શન બ્યુટી પાર્લરના નિષ્ણાંત નૈયાબેન પંચાલ તથા વિજયભાઇ દ્વારા પુરૂ પાડવામાં આવ્યું હતું . આ પ્રસંગે અજયભાઈ દ્વારા પણ સહિયોગ પુરો પાડવામાં આવ્યો હતો તો પ્રોજેકટ ઓફિસર અશોકભાઈ પરમાર, બ્યુટી પાર્લર ઈન્સ્ટ્રકટર નેહાબેન ભટ્ટ, સિવણ કલાસ ઈન્સ્ટ્રકટર શબાના બેન ધોરી સહિત ઉપસ્થિત રહ્યા હતાં.

## પ્રાંતિજમાંથી જિલ્લા એસઓજીએ ચાઈનીઝ દોરી સાથે એક ઈસમને ઝડપી પાડયો

**એપ્રોચરોડ ઉપરથી એક ઇસમને ચાઇનીઝ દોરી ઝડપી પાડયો : ૧૨ ફીરકી સાથે એકને ઝડપી પાડી કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી : પ્રાંતિજ પોલીસ ઉઘતી જોવા મળી : હજુએ પ્રાંતિજમાં ચાઇનીઝ દોરીનું વેચાણની આશંકા**

પ્રાંતિજ તા.૧૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના એપ્રોચરોડ ઉપરથી રાત્રીના સમયે ચાઈનીઝ દોરીની ૧૨ ફીરકી સાથે એક ઈસમને ઝડપી પાડતી જિલ્લા એસઓજી.

ઉતરાયણના આડે ગણતરીના દિવસો બાકી છે ત્યારે પતંગ અને દોરીનું પ્રાંતિજ બજારમાં વેચાણ ચાલુ થઈ ગયું છે ત્યારે જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા ચાઈનીઝ દોરી ઉપર પ્રતિબંધ લગાડવામાં આવ્યો છે અને વેચાણ કે ખરીદી કરવી નહી ત્યારે પ્રાંતિજ એપ્રોચરોડ ઉપર ચાઈનીઝ દોરીની ૧૨ ફીરકી સાથે હિંમતનગર જિલ્લા એસઓજીએ અક્ષય કુમાર કનુભાઇ અંબાલાલ વાઘેલા ને ઝડપી પાડયો હતો અને આઈપીસી કલમ-૧૮૮ મુજબ જી.પી.એકટ કલમ-૧૩૫ મુજબ ગુનોનોધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી તો જિલ્લા એસઓજી એ ચાઈનીઝ દોરીની ૧૨ ફીરકી સાથે એક ઈસમને ઝડપી પાડયો હતો ત્યારે પ્રાંતિજ પોલીસ ઉઘતી ઝડપાઈ હતી તો પ્રાંતિજમાં ચાઈનીઝ દોરીનું વેચાણ થતું હોવાની આશંકા સેવાઈ રહી છે.

## ઉત્તરાયણ પર્વમાં અરવલ્લી પોલીસનું જાહેરનામું પ્રસિદ્ધ

કોરોનાના સંક્રમણમાં જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે તહેવારોની ઉજવણી પર પ્રતિબંધ લાદી દીધા બાદ તહેવારોમાં ધીરે ધીરે સરકારી ગાઈડ લાઈન પ્રમાણે ઉજવણી કરવા મંજૂરી આપવામાં આવી રહી છે ગુજરાતમાં નવરાત્રી અને ઉત્તરાયણની ઉજવણી ભારે રંગે ચંગે થતી હોય છે બંને તહેવારની ઉજવણી લઈને સમગ્ર વિશ્વમાં ગુજરાતને અલગ ઓળખ આપી છે લોકો બંને તહેવાર ભારે ધામધૂમ મસ્તી અને છૂટથી ઉજવણી કરતા હોય છે કોરોનામાં તહેવારોની મજા મરી ગઈ છે ત્યારે ઉત્તરાયણ પર્વને લઈને અરવલ્લી પોલીસે જાહેરામું બહાર પાડ્યું છે.જેમાં લોકોએ તેમના ધાબા પર બહારના વ્યક્તિને પ્રવેશ આપવા પર પાબંધી લગાવી દીધી છે. જાહેરનામાના ઉલ્લંઘન બદલ ચેરમેન સામે કાર્યવાહી કરવામાં આવશે. આ ઉપરાંત માસ્ક વગર પતંગ ચગાવવા પર પણ પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે. સાથે જ સોશિયલ ડિસ્ટન્સ અને સેનેટાઈઝર રાખવું પડશે. જાહેરનામાના ઉલ્લંઘન બદલ ચેરમેન સામે કાર્યવાહી કરવામાં આવશે. જાહેરનામા પ્રમાણે ધાબા પર સોસાયટીના રહીશો સિવાય બહારના લોકોને પ્રવેશ આપવા પર સોસાયટીના ચેરમેન સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

**ઉત્તરાયણને લઈને અરવલ્લી પોલીસનું જાહેરનામા પર એક નજર**

(૧) જાહેર સ્થળો, ખુલ્લા મેદાનો, રસ્તાઓ પર પતંગ ન ચગાવવા

(૨) ઉજવણી સમયે સોસાયટી, ફ્લેટ કે એપાર્ટમેન્ટમાં પરિવારના અંગત સભ્યો જ હાજર રહે

(૩) ફ્લેટ, એપાર્ટમેન્ટ કે મકાનની અગાશી પર માસ્ક પહેરવું, સોશિયલ ડિસ્ટન્સનુ પાલન કરવું,અગાશી પર મર્યાદિત લોકો હાજર રહી શકશે

(૪) સોસાયટી, ફ્લેટ કે એપાર્ટમેન્ટમાં બહારના લોકોને પ્રવેશ ન આપો શરતોનો ભંગ થશે તો સેક્રેટરી કે જવાબદાર વ્યક્તિ સામે પગલા લેવાશે મકાન, ફ્લેટની અગાશી, સોસાયટીના મેદાનમાં લાઉડ સ્પીકર, ડીજે કે મ્યુઝિક સિસ્ટમ વગાડવા નહીં

(૫) ૬૫ વર્ષથી વધુ વયના, અન્ય રોગથી પીડાતા, સગર્ભા મહિલા, ૧૦ વર્ષથી નાના બાળકો ઘરમાં રહે

(૬) સુલેહ શાંતિનો ભંગ થાય તેવા સૂત્રો, ચિત્રો પતંગ પર લખવા કે દોરવા નહીં

(૭) ચાઈનીઝ તુક્કલ, સિન્થેટિક દોરી, માંજા પાયેલી અને પ્લાસ્ટિકની દોરી પર રોક.

## પ્રાંતિજ ખાતે રામ જન્મભૂમિ મંદિર નિર્માણ નિધિ સમર્પણ કાર્યાલયને ખુલ્લું મુકાયુ

### શ્રી રામના જય ઘોષ સાથે કાર્યલયને ખુલ્લું મુકવામાં આવ્યું : સંતો મંહતો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતાં

પ્રાંતિજ તા.૧૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ શહેરમાં રામજન્મભૂમિ મંદિર નિર્માણ નિધિ સમર્પણ કાર્યાલયનું તા.૧૦ મી જાન્યુઆરી ના રોજ ખુલ્લું મુકવામાં આવ્યું હતું. પ્રાંતિજ ભાખરીયા બસસ્ટેન્ડ ખાતે આવેલ આંબેડકર શોપીંગ સેન્ટર રામમંદિર નિર્માણ નિધિ સમર્પણ કાર્યાલયનું ઓપનીંગ કરવામાં આવ્યું હતું જેમાં ૠ૭જી મંદિરના હોલમાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.



જેમાં ગીરનારી આશ્રમ ના વિનયગીરીજી, નકળંગ આશ્રમના નંદુ ગીરીજી મહારાજ, પોગલુ વારાહી માતાના મહંત સુનીલદાસજી મહારાજ, એ.કે.પટેલ, ધનજીભાઈ પટેલ, જશવંતસિંહ રાઠોડ, પ્રસારાજા, જીગ્નાબેન સોની, વિજયસિંહ મકવાણા સહિત વિહિપના પદાધિકારી કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતાં તો જય શ્રી રામના જય ઘોષ સાથે રેલી સ્વરૂપે નિકળી ને ભાખરીયા બસસ્ટેન્ડ ખાતે આવેલ નવિન કાર્યાલયનું ઓપનીંગ મહંત સુનીલદાસજીના હસ્તે શ્રીફળ વધેરીને ખુલ્લું મુકવામાં આવ્યું હતું અને ઉપસ્થિત મહંતોના હસ્તે દિપ પ્રાગટ્ય કરી ખુલ્લું મુકવામાં આવ્યું હતું તો અયોધ્યામાં ભવ્યાતિભવ્ય રામમંદિરનું નિર્માણ થાય તે હેતુથી આ કાર્યાલયનું આયોજન કરવામાં આવ્યું છે ત્યારે પાંચ હજાર વર્ષથી ચાલતા રામજન્મ ભૂમિ વિવાદ નો અંત આવ્યો છે અને અયોધ્યામાં ભવ્ય રામમંદિરનું નિર્માણ સત્વરે થાય તે માટે દેશ અને દુનિયા માં રહેતા હિન્દુ સમાજના ભાઈઓ બહેનો તત્પર છે ત્યારે નિર્માણ અર્થે નિધિ સંગ્રહ કેન્દ્રોના નિર્માણથી કામ ઝડપી બનશે જેમાં કોઈ શંકાને સ્થાન નથી તો સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન નટુભાઈ બારોટ દ્વારા કરવામાં આવ્યું હતું.